૪૦૧/૭,૩૫૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** | **સત્સંગ પ્રવેશ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - અઢારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]
૧. ''ગાડાનું કાંઈ કામ નથી. એક મોટો ચોફાળ લઈ આવો.'' (૯૭)
૨. ''હવે હું તમને નહિ મૂકું.'' (૪૭)
૩. ''તે નિયમ અનુસાર આજે અયોધ્યામાં આપને ઘેર ગયો.'' (૨)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]
૧. લાખા કોળીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. (૭૨)
૨. ભૂજનગરમાં બિરાજતા રામાનંદ સ્વામીના મુખારવિંદ પર આનંદ ઊભરાવા લાગ્યો. (૯૯-૧૦૦)
૩. તેલંગ દેશના રાજાનો કાઠિયાવાડમાં જન્મ થયો. (૫૪)

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]
૧. રામાનંદ સ્વામીની વાત (૭૮-૮૧) ૨. રાજા રણજિતસિંહને ઉપદેશ (૧૪-૧૫) ૩. નીલકંઠની શોધમાં (૪૬-૪૭)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]
૧. રામાનુજાચાર્યની ગાદી પર કયા સંન્યાસી હતા ? (૬૪)
૨. લખુચારણ કેવી દૃષ્ટિવાળી હતી ? (૭૭)
૩. નીલકંઠવર્ણીએ લક્ષ્મણજીને કયા સ્વરૂપે દર્શન દીધા ? (૧૦)
૪. લોજમાં નીલકંઠવર્ણી કથામાંથી કેમ ઊભા થઈ ગયા ? (૯૨)
૫. સિરપુરમાં કયા રાજા રાજ્ય કરતા હતા ? (૩૩)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**
૧. નીલકંઠવર્ણી ગોપાળયોગી પાસે શું શું શીખ્યા ? (૩૧)
(૧) ☐ બ્રહ્મવિદ્યા (૨) ☐ કુક્ષિવિદ્યા
(૩) ☐ અક્ષિવિદ્યા (૪) ☐ અગ્નિવિદ્યા
૨. વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણીને કોણે કોણે જમાડ્યા ? (૬૩, ૬૭, ૬૯)
(૧) ☐ શિવ-પાર્વતી (૨) ☐ નાનીબાઈ
(૩) ☐ અમીચંદ (૪) ☐ લક્ષ્મીનારાયણ

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]
૧. કાનદાસને .......... ના આગમનની જાણ .......... એ કરી. (૬૮)
૨. .......... સ્વામી .......... ની વાવમાં પાણી ભરવા આવ્યા. (૮૫-૮૬)
૩. સંવત .......... ના .......... માસમાં રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો. (૧૧૨)
૪. પિબૈક .......... નો ઉપાસક હતો. (૩૫)

**વિભાગ - ૨ : સત્સંગ વાંચનમાળા ભાગ - ૧ - બારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]
૧. ''પ્રકૃતિ પુરુષનું રાજ્ય આપીએ તો ?'' (૩૦)
૨. ''હજુ સુધી એમ ને એમ વાતો કરો છો !'' (૪૩)
૩. ''અમારું બહુ ખોટું દેખાડે છે માટે એમને સમજાવો.'' (૩)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]
૧. આશાભાઈ શાસ્ત્રીજી મહારાજની વિશેષ નજીક આવ્યા. (૫૫)
૨. દલપતરામ કવીશ્વર બન્યા. (૧૪)

**પ્ર.૯** 'બ્રહ્માનંદ સ્વામીનું મંદિરનાં કાર્યોમાં યોગદાન' (૬-૭, ૯) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મહાજોગીને પગે લાગતાં જોબન પગીને અંતરમાં કેવો ભાવ થયો ? (૩૧)
૨. જેઠાભાઈનો સંકલ્પ જાણી ભગતજીએ શું કર્યું ? (૪૫)
૩. રાયજીએ જોબનને પડકારતાં શું કહ્યું ? (૩૩)
૪. બાળ દેવીદાનને શાના કોડ જાગ્યા ? (૧૩)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી (૧૭, ૧૯, ૨૧)**

**૧.** શ્રીજીમહારાજે શીરાનું દાતણ કરાવ્યું. **૨.** શ્રીજીમહારાજે ડાબા ચરણના અંગૂઠામાંથી જ્યોત કાઢી પત્ર પૂરો કરાવ્યો. **૩.** શુકમુનિને ગુણાતીતાનંદ સ્વામીના વચનથી શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા થઈ. **૪.** તેમણે મુક્તાનંદ સ્વામીને વાત કરી ''શ્રીજીમહારાજને ભલામણ કરો તો મને સાધુ કરે.'' **૫.** શ્રીજીમહારાજ બોલ્યા, 'ચાલો, ચાલો. ડભાણથી મુક્ત આવે છે.' **૬.** મુક્તાનંદ સ્વામીએ દીક્ષા આપી શુકાનંદ સ્વામી નામ આપ્યું. **૭.** શ્રીજીમહારાજે કહ્યું, ''નિત્યાનંદ સ્વામી પણ આપનું પૂર્વનું નામ જાણતા લાગે છે.'' **૮.** શ્રીજીમહારાજનો પત્ર-વ્યવહાર પણ તેઓ જ સંભાળતા. **૯.** શ્રીજીમહારાજ તેમને જોઈને તરત જ દંડવત્ કરવા માંડ્યા. **૧૦.** હરિભક્તોનું જીવન જોઈ તથા વાતો સાંભળી શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન-સમાગમની આતુરતા થઈ. **૧૧.** તેમણે સોમલા ખાચરને વાત કરી, ''શ્રીજીમહારાજને ભલામણ કરો તો મને સાધુ કરે.'' **૧૨.** શ્રીજીમહારાજે જમણા ચરણના અંગૂઠામાંથી જ્યોત કાઢી પત્ર પૂરો કરાવ્યો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જવાબ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

૧. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** શ્રીરંગદાસજી પોતાની કુનેહ શક્તિથી અને રમૂજી સ્વભાવથી મહારાજને હંમેશાં પ્રસન્ન રાખતા, તેથી શ્રીજીમહારાજ એમને 'બ્રહ્માનંદ' કહીને પણ સંબોધતા. (૩)

૨. **સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી :** દીક્ષા પછી તેઓ મુક્તાનંદ સ્વામી પાસે સંસ્કૃત અને ગાયકી શીખવા લાગ્યા. (૧૪)

૩. **ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ :** ઝીણાભાઈએ હઠીસિંહનો ખાટલો ઉપાડ્યો અને શ્રીજીમહારાજ ઝીણાભાઈની નનામી ઉપાડી ચાર ગણાં પગલાં ચાલ્યા. (૩૦)

૪. **સ્વામી નિર્ગુણદાસજી :** તેમની અંતિમ અવસ્થામાં સૌ હરિભક્તો ગળગળા થઈ ગયા અને બોલ્યા, ''હજુ આપણે અટલાદરા મંદિરમાં આરતી ઉતારવાની છે, માટે હિંમત રાખો.'' (૫૧)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. યોગીજી મહારાજનો યુવાનોને ચારિત્ર્યબોધ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૨)
૨. હકારાત્મકતા : પાર ઉતારે વિદ્યાર્થીની નૈયા (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૨)
૩. કેળવણી ઘડતરનો શ્રેષ્ઠ અવસર : યૌવન (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૨)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ અગત્યની જાહેરાત **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**